RNI. No.GUJGUJ/2014/56392

ક્રાઈમ કિંગ Weekly

Crime King

Editor : NIKITA R. SAXENA
(Mo) 98796 16556

✳AT.:45, KONARK SOCIETY, NEAR SUNDARAM COMPLEX, JAWAHAR CHOWK, SABARMATI AHMEDABAD-380019.

✳Year : 7 ✳ Issue No. 42 ✳Date:05.02.2021 ✳Friday ✳Page :04 ✳Rs. 01.00 ✳Annual Rs. 50/-

એજ્યુકેશન સાથે ક્યારેય સમાધાન ના થવું જોઈએ: હાઈકોર્ટ

અમદાવાદ,

રાજ્ય સરકારે એ ખાતરી કરવી જોઈએ કે કોરોના કાળમાં ફી ચૂકવવાની અસમર્થતાને કારણે માતા-પિતા પોતાનાં બાળકોને શાળામાંથી પરત ખેંચવાની ફરજ પાડવામાં ન આવે, એમ હાઈકોર્ટે જણાવ્યું છે. ગયા મહિને હાઈકોર્ટ આપેલા આદેશમાં જણાવ્યું હતું કે કોરોના વાઈરસની અસરને લીધે માતા-પિતા માટે બાળકોને શિક્ષણ અપાવાનું મુશ્કેલ બન્યું હોય એવા કિસ્સામાં સરકારે ખાસ ધ્યાન રાખવું જોઈએ. એજ્યુકેશન એવી બાબત છે કે જેની સાથે ક્યારેય સમાધાન ના થવું જોઈએ, એમ જજે આઠ જાન્યુઆરીએ આદેશમાં જણાવ્યું છે. ચીફ જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ જેબી પારડીવાલાની ડિવિઝન બેન્ચે આઈઆઈએમ-અમદાવાદ અને યુનિસેફના સર્વેની નોંધ લઈ જાહેર હિતની અરજી 'સુઓ મોટો'ને આધારે આ મુદ્દે નિર્દેશ આપ્યા હતા.

આ સર્વેમાં લોકડાઉન દરમ્યાન અનેક ઘરોમાં નાણાકીય મુશ્કેલીઓને પ્રકાશિત કરવામાં આવી હતી, કેમ કે લોકડાઉન દરમ્યાન સરકારી શાળાઓમાં મધ્યાહન ભોજન પણ બંધ હતું. હાઈકોર્ટની ખંડપીઠે આ અરજીને બંધ કરતાં કહ્યું હતું કે અમે રાજ્ય સરકારને એક વાતની ખાતરી અપાવવા માગીએ છીએ કે જે માતા-પિતા સ્કૂલ ફી ચૂકવવામાં અસમર્થ હોય તેવાં બાળકોને શિક્ષણ આપવાનું બંધ ના થાય એનું સરકાર ધ્યાન આપે.શક્ય છે કે સરકાર દ્વારા અપાતી સહાય થોડાક પરિવારો સુધી ના પહોંચી હોય, એમ સર્વે કહે છે.

સરકારે આવા કેસો પર તત્કાળ ધ્યાન આપવું જોઈએ અને શક્ય એટલી મદદ પહોંચાડવી જોઈએ, એમ કોર્ટે જણાવ્યું હતું. આ સર્વે જુલાઈથી સપ્ટેમ્બર, ૨૦૨૦ દરમ્યાન અમદાવાદના ૩૭૫ નીચી આવક ધરાવતા પેરેન્ટ્સ પર કરવામાં આવ્યો હતો, જેમાંના ૩૧ ટકા બાળકો સરકારી શાળામાં અભ્યાસ કરતાં હતા. જેમાં જોવા મળ્યું હતું કે ૮૫ ટકા પેરેન્ટ્સના

બાળકોને સ્કૂલ બંધ હતી, ત્યારે પ્રાથમિક શાળામાંથી કોઈ સહાય મળી નહોતી અને તેમને મધ્યાહન ભોજન પણ બંધ થતા અન્ય કોઈ મદદ મળી નહોતી શકી. આ સર્વનેમાં ૪૦ ટકા પેરેન્ટ્સ ફીમાં રાહતના આદેશથી અજાણ હતા, જ્યારે ૫૦ ટકાએ કહ્યું હતું કે તેમને ફી માટેનાં નાણાંની જોગવાઈ કરવામાં મુશ્કેલી હતી.

કચ્છમાં એસબીઆઈ એટીએમમાં ત્રાટકેલા લૂંટારૂ સામે લડતાં લડતાં સિક્યોરિટી ગાર્ડનું મોત

કચ્છ

કચ્છમાં રાત્રે એક ખૂની ખેલમાં એટીએમના સિક્યોરિટી ગાર્ડની કરપીણ હત્યાનો બનાવ સામે આવ્યો છે. જિલ્લાના અંજારમાં આવેલા એસબીઆઈના એટીએમમાં લૂંટના ઈરાદે ત્રાટકેલા ઈસમોએ એટીએમના સિક્યોરિટી ગાર્ડની છરીના ઘા ઝીંકીની નિર્મમ હત્યા કરી નાખતા પોલીસ દોડતી થઈ છે. ઘટના બાદ જિલ્લા પોલીસ વડા સહિતનો કાફલો દોડી આવ્યો છે. સિક્યોરિટી ગાર્ડના ગળામાં અને છાતીમાં છરીના ઊપરાછાપરી ઘા ઝીંકાતા તેનું મોત નીપજ્યું હતું. જોકે, એટીએમમાં કામ કરતો સિક્યોરિટી ગાર્ડ યુવક જુવાનજોધ હતો અને માત્ર ૨૧ વર્ષની ઉંમરનો હતો. આ ગાર્ડ મૂળ ભાભર ગામનો રહેવાસી હતો. મૃતક સિક્યોરિટી ગાર્ડના સાળાએ પોલીસને જાણ કરતા પોલીસે તપાસ શરૂ કરી હતી. આ ઘટના એટલી ઘાતકી છે કે સિક્યોરિટી ગાર્ડના રક્તથી સમગ્ર એટીએમમાં લોહીનું ખાબોચીયું ભરાઈ ગયું હતું આમ ખૂબ જ રક્તપાતના કારણે તેનું મોત નીપજ્યું હોવાની આશંકા છે. દરમિયાનમાં એટીએમમાં તોડફોડ થયેલી જોવા મળે છે જેના આધારે એ આશંકા પ્રબળ બને છે કે લૂંટના ઈરાદે આવેલા શખ્સોએ ઘટનાને અંજામ આપવામાં નડતર થતા ગાર્ડની હત્યા કરી નાંખી હોય.

લૂંટનો બનાવ સામે આવ્યો નથી. પોલીસે ટેકનિકલ સર્વેલન્સના આધારે હત્યારાઓને શોધવાની તપાસ શરૂ કરી છે. ઘટનાની તપાસ માટે પૂર્વ કચ્છના પોલીસ વડા અને ડીવાયએસપી સહિત અંજાર પોલીસનો સ્ટાફ આવી પહોંચ્યો હતો.

આરટીઆઈમાં મોટો ખુલાસો

કોરોનાકાળમાં એએમસીએ ૧૪૧ કરોડની એન્ટિજન કીટ ખરીદી



અમદાવાદ

કોરોના કાળમાં અમદાવાદ મ્યુનિસિપલ તંત્ર દ્વારા લોકોનાં કોરોના ટેસ્ટ કરાવવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હોવાની માહિતી આરટીઆઈમાં સામે આવી છે. એક આરટીઆઈમાં ખુલાસો થયો છે કે, કોરોના કાળ દરમિયાન અમદાવાદ મ્યુનિસિપલ તંત્ર દ્વારા એન્ટિજન કીટ ખરીદવામાં ૧૪૧ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. કોરોના કાળમાં લોકોનાં કોરોના ટેસ્ટ માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરનાં મોટા ભાગનાં વિસ્તારોમાં તંબુ બાંધીને કોરોના ટેસ્ટ કરવામાં આવે છે.

અમદાવાદના હજારો લોકોનાં કોરોના ટેસ્ટ મફતમાં કરવામાં આવ્યા છે. પણ હવે એક આરટીઆઈમાં એક ખુલાસો સામે આવ્યો છે. જેમાં અમદાવાદ કોર્પોરેશન દ્વારા ૩૫ લાખ એન્ટિજન કીટ ખરીદવામાં આવી હતી. અમદાવાદ કોર્પોરેશન દ્વારા ૩૫ લાખની એન્ટિજન કીટ ખરીદવા માટે ૧૪૧ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. અને બે કંપનીઓ પાસેથી એન્ટિજન કીટ ખરીદવામાં આવી હતી.

એક એન્ટિજન કીટની કિંમત અંદાજે ૪૦૦ રૂપિયા છે. ગુજરાતમાં જાન્યુઆરી મહિનાની શરૂઆતથી જ કોરોના સંક્રમણની તિવ્રતા ઘટી ગઈ છે. રાજ્યમાં દૈનિક ૧૫૦૦થી વધુ કેસ નોધાવા લાગ્યા હતા જે હાલમાં ઘટીને આંકડો ૩૦૦થી નિચે આવી ગયો છે. એટલુ જ નહી, ઓગસ્ટ મહિનાથી ડીસેમ્બર સુધી દર મહિને ૩૫ હજારથી વધુ કેસ નોધાયા છે. જેની સરખામણીએ જાન્યુઆરી મહિનામાં માત્ર ૧૬,૫૦૨ કેસ નોધાયા છે.

રાજસ્થાની મહિલા અને એક રિક્ષાચાલકની પૂછપરછમાં સત્ય આવ્યું સામે

મણિનગરમાં ૧૦ દિવસની બાળકી ત્યજી દેવાના કિસ્સામાં મોટી સફળતા

અમદાવાદ

રાજ્યમાં અવારનવાર બાળકો ત્યજી દેવાના કિસ્સા પ્રકાશમાં આવી રહ્યા છે, ત્યારે થોડા સમય પહેલાં અમદાવાદના મણીનગર વિસ્તારમાં ૧૦ દિવસની બાળકી ત્યજી દેવાની ઘટનામાં આજે એક મોટો ખુલાસો સામે આવી રહ્યો છે.

મણિનગરમાં ૧૦ દિવસની બાળકીને ત્યજી દેવાના કિસ્સામાં પોલીસ તપાસમાં મોટો ઘટસ્ફોટ થયો છે. આખરે આટલા દિવસ બાદ બાળકી કોની તે વાત પરથી પરદો ઉચકાયો છે. બે દિવસ પહેલા પોલીસે રાજસ્થાની મહિલા અને એક રિક્ષાચાલકની અટકાયત કરી હતી, જેમાં રાજસ્થાની મહિલા આરોપીની તમામ કહાની ખોટી નીકળી છે અને પોલીસને સામે જે સત્ય સામે આવ્યું છે તે સાંભળીને કોઈના પણ રૂવાટાં ઉભા થઈ જાય.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, શહેરના મણિનગરમાં જોગણી માતાજીના મંદિરે ૧૦ દિવસની નવજાત બાળકીને ત્યજી દેનાર રાજસ્થાની મહિલા અને રિક્ષા ચાલકની ધરપકડ કરી હતી. ત્યારબાદ પોલીસે મહિલાની પુછપરછ કર્યા બાદ ત્રણ દિવસ પછી મોટો ખુલાસો થયો છે. પોલીસને આખરે આરોપીઓની પૂછપરછમાં મોટી મળી ગઈ છે. રાજસ્થાનની મહિલા પ્રસન્ના પ્રજાપતિની પૂછપરછમાં મહત્વના ખુલાસા થયા છે અને કેસની અનેક હકીકતો પોલીસને જાણવા મળી છે. આરોપી પ્રસન્નાએ તેની જ બહેનપણી મોનાબહેનની પૌત્રી હોવાનું સામે આવ્યું છે. આરોપીની ખોટી કહાની શું હતી અને હકીકત શું સામે આવી તે પોલીસે વિગતવાર જણાવી હતી. પોલીસે ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી પણ આ એક વાત સિવાય આરોપી પ્રસન્ના કઈ બોલતી નથી. જેથી હવે આગામી સમયમાં એક ટીમ આરોપીની મિત્રની પૂછપરછ અને અટકાયત કરવા રાજસ્થાન મોકલાશે.

પણ એક વાત પોલીસ તપાસમાં સામે આવી છે કે જે બાળકીની માતા છે તે કદાચ ૧૯ વર્ષની છે અને તે અપરિણીત પણ છે. ત્યારે આ બાળકીની માતાના કોની સાથે સંબંધો બંધાયા અને આ બાબતે કોઈ ગુનો રાજસ્થાનમાં નોંધાયો છે કે કેમ તે પણ તપાસ કરાશે. મણિનગરમાં જે બાળકી મળી ત્યારે બારેક દિવસની હતી અને આરોપી પ્રસન્ના પંદરેક દિવસથી અમદાવાદમાં હોવાનું રટણ કરે છે. જેથી આ ષડયંત્ર પહેલેથી ઘડાયું હોવાનું મનાય રહ્યું છે.

તંત્રી સ્થાનેથી.....

છેલ્લા એક સપ્તાહથી કાતિલ ઠંડીનો અનુભવ લોકો કરતા હતા. પરંતુ છેલ્લા ૨૪ કલાકથી ઠંડીનું જોર ઘટ્યું છે. જેના કારણે લોકોને રાહત મળી છે.રાજ્યમાં ઉત્તર પૂર્વના પવન ફૂંકાય રહ્યા છે. જેના કારણે તાપમાન ઊંચું નોંધાયું છે. લઘુતમ તાપમાન નીચું અને મહત્તમ તાપમાન ઊંચું રહેવાના કારણે વહેલી સવારે ઠંડી અને દિવસ દરમિયાન ગરમીનો અહેસાસ થશે. આગામી બે દિવસ પવનની દિશા યથાવત રહશે અને તાપમાનમાં પણ યથાવત રહશે. હવામાન વિભાગે આગાહી કરી છે કે, બે દિવસ બાદ એટલે કે ૫ ફેબ્રુઆરીથી ફરી ઠંડીનું જોર વધશે. હવામાન વિભાગના ઈન્ચાર્જ મનોરમા મોહન્તિએ જણાવ્યું છે કે, આગામી બે દિવસ બાદ પવનની દિશા બદલાશે.અને ઠંડીનું જોર વધશે.તો કચ્છમાં ૫ અને ૬ ફેબ્રુઆરીના કોલ્ડ વેવની આગાહી કરવા આવી છે. તેમજ દરિયામાં પવનની ગતિ તેજ રહેશે. જેના કારણે માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. રાજ્યમાં સામાન્ય રીતે શિયાળામાં સૌથી ઠંડુ શહેર નલિયા રહે છે. પરંતુ ચાલુ વર્ષે તો દરિયા કિનારા વિસ્તારોમાં પણ લઘુતમ તાપમાન નીચું રહ્યું છે અને કોલ્ડ વેવની સ્થિતિ રહી છે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે પણ આગાહી કરી છે કે, ૧૧ ફેબ્રુઆરી સુધીમાં વારંવાર વાતાવરણ પલટશે.ક્યારે ઠંડી વધશે તો ક્યારે વાદળ છાયું વતવારણ રહશે તેમજ કમોસમી વરસાદની પણ આગાહી કરી છે. અમદાવાદ શહેરમાં વહેલી સવારથી ધૂમ્મસ ભર્યું વાતાવરણ જોવા મળ્યું હતું.જોકે ધૂમ્મસ ના કારણે વાહન ચાલકો પરેશાન થાય છે.પરંતુ ખેડૂતો પણ વારંવાર વતવારણમાં આવતા પલટાના કારણે પરેશાન થઈ રહ્યા છે.

બંને મર્ડર કિન્નરે કરાવ્યાનો આક્ષેપ

એક લાખ રૂપિયાની લેતીદેતીમાં હત્યાના આરોપીનો મૃતદેહ નર્મદા નદી માંથી મળી આવ્યો

અંકલેશ્વર

અંકલેશ્વરમાં ૨૯ મી જાન્યુઆરીના રોજ થયેલી એક લાખ રૂપિયાની લેતીદેતીમાં હત્યાના આરોપીનો મૃતદેહ નર્મદા નદી માંથી મળી આવ્યો હતો. હત્યા ના આરોપી હર્ષ પટેલની હત્યા કે આપઘાત સવાલ ઉભા થયા છે. હર્ષ પટેલ ના મામા દ્વારા અલ્પેશ ભૂરો નામના કિન્નર દ્વારા બને મિત્રોની હત્યા કરી હોવાનો આરોપ મુકવામાંમાં આવ્યો છે. કિન્નરે જ અનૂપ દાસ ની હત્યા કરી છે અને સબૂત છુપાવા મારા ભાણેજ ની હત્યા કરી છે. તેવો મામા દ્વારા સવાલ ઉઠાવ્યો છે. અનુપ અને હર્ષ જોડે વાતચીત કરતો ઓડિયો પણ વાયરલ થયો છે. અંકલેશ્વરના સરફુદ્દીન -બોરભાઠા રોડ પર અંકલેશ્વર દગા ફળીયામાં રહેતા અનુપ દાસની હત્યા તેના જ મિત્ર હર્ષ પટેલ દ્વારા કરવામાં આવી હતી.

રેલ્વે માં નોકરી આપવા માટે લાખ રૂપિયા લીધા હતા જે રૂપિયા પરત માંગતા તેની હત્યા કરવામાં આવી હોવાનો આરોપ અનુપ ના નાના ભાઈ રૂપમ દ્વારા કરવામાં આવ્યો હતો. અને રૂપમએ તેની નજર સમક્ષ જ હર્ષ પટેલએ ચપ્પુ મારી હત્યા કરી હોવાનો આરોપ લગાવ્યો હતો. જે ઘટના ના ૪ દિવસ બાદ હત્યાનો આરોપી હર્ષ પટેલ મૃત હાલત માં મળી આવ્યો હતો. હર્ષ પટેલનો મૃતદેહ ભરૂચના કસક નજીક સી ડિવિઝન પોલીસ મથક ના હદ વિસ્તારમાં નર્મદા નદી કિનારે મળી આવ્યો હતો આ અંગે અંકલેશ્વર શહેર પોલીસ મથકે જાણ થતા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો જ્યાં મૃતક હર્ષ પટેલ ના પરિવારજનો પણ દોડી આવ્યા હતા અને તેમના દ્વારા હર્ષ પટેલ ની હત્યા અલ્પેશ ઉર્ફે ભૂરો ઉર્ફે કિન્નર દ્વારા કરી છે. અલ્પેશએજ બંને મિત્ર અનુપ ને હર્ષ ની હત્યા કરી છે. મૃતક અનુપ ની માતા ના નિવેદન અનુસાર ૧ લાખ રૂપિયા અલ્પેશને આપ્યા હતા જે રૂપિયા પરત માંગતા અલ્પેશ નામના કિન્નરેજ પ્રથમ અનુપ દાસની હત્યા કરી છે. અને ત્યારબાદ તેને સાબૂત મિટાવા માટે હર્ષ ની હત્યા કરી નર્મદા નદીમાં નાખી દીધો હોવાનો આરોપ તેના મામા જીતેન્દ્ર પટેલએ કર્યો હતો. અને અલ્પેશ ભૂરોજ મુખ્ય આરોપી છે. અગાવ પણ તેને ત્રણ ચાર હત્યા કરી છે અને જેલમાં જઈ આવ્યો છે. તેણેજ મારા ભાણીયા હર્ષ પટેલ અને અનુપની હત્યા કરી હોવાનો આરોપ મુક્યો છે.

પ્રેમિકા સાથે ફરી રહેલા પતિને પત્ની જોઈ જતા પતિએ આપી મારી નાખવાની ધમકી

અમદાવાદ

શહેરના સાબરમતી વિસ્તારમાં પતિ-પત્ની ઔર વોનો કિસ્સો સામે આવ્યો છે. જેમાં મહિલાએ પોતાના પતિને તેની પ્રેમિકા સાથે બાઈક પર જતા પકડી પાડ્યો હતો. પત્નીએ પતિની બાઈક રસ્તા વચ્ચે જ રોકાવી હતી અને જાહેરમાં જ જોવા જેવી થઈ હતી. આ દરમિયાન પતિએ પત્નીને ધક્કો માર્યો હતો તો પતિ સાથે રહેલી પ્રેમિકાએ મહિલાને લાત મારી હતી. સાથે જ પતિએ જતાં જતાં એવી ધમકી આપી હતી કે જો આ મામલે ફરિયાદ કરીશે તો જીવથી મારી નાખીશે. આ મામલે મહિલાએ પોલીસ ફરિયાદ નોંધાવી છે. પોલીસે મહિલાની ફરિયાદ નોંધીને વધારે તપાસ શરૂ કરી છે. સાબરમતી વિસ્તારમાં રહેતી એક મહિલાએ પોલીસ ફરિયાદ આપી છે કે ગઈકાલે તે તેના દીકરાની દવા લેવા માટે મેડિકલ સ્ટોર ખાતે ગઈ હતી. દવા લઈને પરત ફરી રહી હતી ત્યારે તેનો પતિ તેની પ્રેમિકા સાથે મોટર સાઈકલ પર જઈ રહ્યો હતો. ફરિયાદી મહિલાએ બૂમ પાડીને બંનેને રોક્યા હતા. જેથી તેનો પતિ ઉશ્કેરાઈ ગયો હતો અને મહિલા સાથે ઝઘડો કરી ગાળો બોલવા લાગ્યો હતો. મહિલા તેના પતિને પકડવા જતાં તેણે તેણીને ધક્કો માર્યો હતો. જ્યારે પ્રેમિકાએ ફરિયાદી મહિલાને લાત મારી હતી. જેથી મહિલા નીચે પડી ગઈ હતી. ત્યાંથી જતાં જતાં મહિલાના પતિએ ધમકી આપી હતી કે આ મામલે ફરિયાદ કરીશ તો જાનથી મારી નાખીશ. આ મામલે મહિલાએ તેના ભાઈને જાણ કરતા બંને પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. અહીં મહિલાએ તેના પતિ અને પ્રેમિકા વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આ મામલે ગુનો નોંધીને વધારે તપાસ શરૂ કરી છે. શહેરના બીજા એક બનાવમાં અમદાવાદ ખાતે રહેતી ૩૦ વર્ષીય યુવતીના ચાલાક પતિને તેની ચાલાકી ભારે પડી છે. યુવતીએ વર્ષ ૨૦૧૮માં પરિવારથી વિરુદ્ધ જઈને પ્રેમી સાથે કોર્ટ મેરેજ કર્યા હતા. બાદમાં પતિ રાજકોટ નોકરીએ જતો અને અઠવાડિયાની જગ્યાએ પંદર દિવસે ઘરે આવતો હતો. જેથી ઘરમાં ઝઘડા થતા હતા. પતિએ ચાલાકી વાપરી આ ઝઘડા તેની માતાને કારણે થાય છે તેમ કહી પત્નીને પિયર મોકલી દીધી હતી. પિયરમાંથી પત્નીને તેડી ન જઈ અલગ અલગ બહાના બનાવતા પત્નીને દાળમાં કંઈક કાળું હોવાની ગંધ આવી હતી. જેથી તેણીએ પતિનું ઈ-મેઈલ આઈડી તપાસતા તેમાંથી અન્ય સ્ત્રી સાથેના ફોટો મળી આવ્યા હતા. જે બાદમાં પતિ-પત્ની ઔર વોનો કિસ્સો પોલીસ સ્ટેશન પહોંચ્યો છે.

મામી-ભાણીયાની મિલ્કતની લડાઈમાં મકાન ખરીદનારનારના પૈસા ફસાઈ ગયા

અમદાવાદ

મામી-ભાણીયાની મિલકતની લડાઈમાં મકાન ખરીદનારના રૂપિયા ફસાઈ જતા વિવાદ થયો છે. મકાન લેનારના પુત્રએ મકાનને સીલ કરાવનાર ભાણીયા પર હુમલો કર્યો. બનાવ અંગે વાડજ મથકે ફરિયાદ થઈ છે. મૃત માતાનું વડીલોપાર્જિત મકાન બે મામી અને મામાના પુત્રએ ભેગા મળી ખોટી વારસાઈ, પેઢીનામું અને વહેંચણી કરાર કરી વેચી માર્યું હતું. આ બાબતની જાણ થતા યુવકે એએમસી સહિતના વિભાગોને ફરીયાદ કરતા મકાનને સીલ વાગ્યું હતું. ન્યૂ રાણીપ શાશ્વત એપાર્ટમેન્ટમાં રહેતો નિલેશ સુરેશ પટેલ એક દિવસ અગાઉ નવા વાડજ ગામ ભરવાડ વાસ પાસેથી પસાર થતો હતો. તે સમયે બાબુ કરસન ભરવાડે નિલેશને રોકી કહ્યું કે, તે અમારા મકાનને સીલ મારાવ્યું છે, તારે ગામમા આવવાનુ નહી. બાદમાં ઉશ્કેરાયેલા બાબુએ નિલેશને ગડદાપાટુનો માર મારી લોખંડનો પંચ કાઢ્યો હતો. આ પંચ નિલેશને મોં પર મારતા હોઠ પર ઈજા થઈ હતી. નિલેશ દોડી વાડજ પોલીસ મથકે ગયો હતો. જ્યા ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી સારવાર માસ્ટ હોસ્પિટલ ગયો હતો. આ અંગે વાડજ પોલીસે બાબુ કરસન ભરવાડ વિરુદ્ધ ફરિયાદ નોંધી છે.

પોલીસ ફરિયાદમાં નિલેશે જણાવ્યું કે તેના મમ્મી સ્વ. ચંદ્રિકાબહેનનું વડીલોપાર્જિત મકાન મામાના પુત્ર ચિરાગ નવીન પટેલ, મામી વિમળાબહેન નવીન પટેલ અને મામી માયાબહેન દીનેશચંદ્ર પટેલએ ખોટી વારસાઈ, પેઢીનામુ અને ખોટો કૌટુંબિક વહેચણી કરાર કરી મકાન બારોબાર સોનલબહેન હસમુખ ભરવાડ અને કોકીલાબહેન કરશનભાઈ ભરવાડને વેચ્યું હતું.

અમદાવાદ આરટીઓએ ૯,૦૦૦ ટેક્સ ડિફોલ્ટરને ફટકારી નોટિસ

અમદાવાદ

અમદાવાદ આરટીઓ એટલે કે GJ-01 હેઠળ ૪૪ લાખ ૦૬ હજારથી વધુ વાહનો નોંધાયેલા છે. જેમાં જે વાહનોનો કોમર્શિયલ રીતે વપરાશ થતો હોય તેમણે દર વર્ષે આરટીઓને ટેક્સ આપવાનો હોય છે. પરંતુ વાહન માલિકો સમયસર આરટીઓ ટેક્સ ભરતા નથી. જેના કારણે આરટીઓને મોટું આર્થિક નુકસાન થયું રહ્યું છે. જોકે, હવે અમદાવાદ આરટીઓ વાહન માલિકો પાસેથી ટેક્સ વસૂલવા માટે સજ્જ બની ગઈ છે. આ માટે ટેક્સ બાકી હોય તેવા લોકોની યાદી તૈયાર કરવામાં આવી છે. અમદાવાદ આરટીઓએ ૯ હજાર ડિફોલ્ટરની એક યાદી તૈયાર કરીને તમામને નોટિસ ફટકારી છે.

સાથે જ તમામને સમયસર ટેક્સ ભરવા માટે અપીલ પણ કરી છે. ૯ હજાર વાહનના કુલ ૧૯ કરોડ રૂપિયા ટેક્સ બાકી છે. હવેથી જો વાહન માલિકો સમયસર ટેક્સ નહીં ભરે અને જો ચેકિંગ દરમિયાન વાહનનો ટેક્સ બાકી જણાશે તો તેવા વાહનોને ડિટેઈન કરી દેવામાં આવશે. હાલ ૫૦ જેટલા વાહનો ડિટેઈન કરી દેવામાં આવ્યા છે. આ મામલે આરટીઓ અમદાવાદ બી.વી લિબાસિયાએ જણાવ્યુ હતુ કે, જે વાહનનો ટેક્સ બાકી છે તેવા વાહન માલિકોને નોટિસ આપવામાં આવી છે. મેક્સિ એસોસિએશન, બસ ઓપરેટર એસોસિએશન, ગુડ્સ વ્હિકલ સહિતના એસોસિએશનો સાથે બેઠક પણ કરવામાં આવી છે. આ સાથે જ વાહનના નંબરનું લિસ્ટ આપવામાં આપવામાં આવ્યું છે.

જેમનો ટેક્સ બાકી છે તેઓ તાત્કાલિક ટેક્સ ભરી દે. આરટીઓએ વધુમાં જણાવ્યું હતું કે, આ તમામ પ્રક્રિયા ઓનલાઈન છે. વાહનનો નંબર દાખલ કરતા જ તમને ખબર પડી જશે કે તમારા વાહનનો ટેક્સ બાકી છે કે નહીં. આ ઉપરાંત તમારું નામ ટેક્સ ડિફોલ્ટરની યાદીમાં છે કે નહીં તે પણ ખબર પડી જશે. જેમનું નામ આ યાદીમાં હોય તેમને તાત્કાલિક ટેક્સ ભરવાની અપીલ કરવામાં આવે છે. જો કોઈ ટેક્સ નહીં ભરે તો તેમનું વાહન ડિટેઈન કરવામાં આવશે.

સરકાર પોતાનું કામ કરી રહી છે: સીજેઆઇ

ગણતંત્ર દિવસે થયેલી હિંસાની ન્યાયિક તપાસ કરવા સુપ્રિમ કોર્ટનો ઇન્કાર

ન્યુ દિલ્હી

ખેડૂત આંદોલનને ધ્યાને લઈ ૨૬ જાન્યુઆરીએ દેશની રાજધાની દિલ્હીમાં યોજાયેલી ટ્રેક્ટર પરેડમાં થયેલી હિંસા બાદ થયેલી અરજીઓને સુપ્રીમ કોર્ટએ ફગાવી દીધી છે. ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા એસ.એ. બોબડેની આગેવાનીવાળી બેન્ચે બુધવારે અલગ-અલગ અરજીઓની સુનાવણી કરી.

આ દરમિયાન કોર્ટે કહ્યું કે, કેન્દ્ર સરકારે આ મામલાને ગંભીરતાથી લીધી છે એન તેઓ પોતાનું કામ કરી રહ્યા છે. સીજેઆઇ એસ.એ. બોબડે, જસ્ટિસ એ.એસ. બોપન્ના અને જસ્ટિસ વી. રામસુબ્રમણ્યનની બેન્ચે આ અરજીઓ પર સુનાવણી કરી. સુપ્રીમ કોર્ટે અરજીકર્તાઓને કહ્યું કે તેઓ આ સંબંધમાં કેન્દ્ર સરકારને પોતાની રજૂઆત સોંપી શકે છે. તેની સાથે જ સુપ્રીમ કોર્ટે ગણતંત્ર દિવછસ પર દિલ્હીમાં ખેડૂતોની ટ્રેક્ટર પરેડ દરમિયાન હિંસાના મામલાની તપાસ માટે પૂર્વ ન્યાયાધીશની અધ્યક્ષતાવાળી એક પેનલ રચવાની અરજી પર વિચાર કરવાનો ઇંકાર કરી દીધો.

સુપ્રીમ કોર્ટની સમક્ષ દાખલ કરવામાં આવેલી અરજીઓમાં એક અરજદાર વિશાલ તિવારી દ્વારા દાખલ અરજીમાં સુપ્રીમ કોર્ટના સેવાનિવૃત્ત ન્યાયાધીશની અધ્યક્ષતામાં ત્રણ સભ્યોના તપાસ આયોગની રચના કરવાનો અનુરોધ કરવામાં આવ્યો હતો. આ આયોગ આ મામલામાં પુરાવાઓ એકત્ર કરવા તથા તેને રેકોર્ડ કરે અને સમયબદ્ધ રીતે રિપોર્ટ કોર્ટમાં રજૂ કરે તેવી માંગ કરવામાં આવી હતી. ત્રણ સભ્યોના આ આયોગમાં સુપ્રીમ કોર્ટના બે નિવૃત્ત ન્યાયાધીશને સામેલ કરવાનો પણ આગ્રહ કરવામાં આવ્યો હતો.

અન્ય એક અરજદાર મનોહર લાલ શર્માએ દાવો કર્યો હતો કે ખેડૂતોના વિરોધ પ્રદર્શનની વિરુદ્ધ કાવતરું ઘડવામાં આવ્યું અને કોઈ પુરાવા વગર ખેડૂતોને કથિત રીતે આતંકવાદ કહેવામાં આવ્યા. શર્માએ કેન્દ્ર અને મીડિયાને નિર્દેશ જાહેર કરી કોઈ પ્રમાણ વગર ખોટા આરોપ લગાવવા અને ખેડૂતોને આતંકવાદી કહેવાથી રોકવાનો અનુરોધ કર્યો છે. કોર્ટે આ અરજીને પણ ફગાવી દીધી છે.

ઉલ્લેખનીય છે કે, કેન્દ્રના ત્રણ નવા કૃષિ કાયદાઓને પરત લેવાની માંગના પક્ષમાં ૨૬ જાન્યુઆરીએ હજારોની સંખ્યામાં ખેડૂતોએ ટ્રેક્ટર પરેડ યોજી હતી, પરંતુ થોડીવારમાં દિલ્હીના રસ્તાઓ પર અરાજકતા ફેલાઈ ગઈ. અનેક સ્થળે પ્રદર્શનકર્તાઓએ પોલીસના અવરોધોને તોડી દીધા અને પોલીસની સાથે પણ ઘર્ષણમાં ઉતર્યા. પ્રદર્શનમાં સામેલ લોકોએ વાહનોમાં તોડફોડ કરી અને લાલ કિલ્લા પર એક ધાર્મિક ધ્વજ પણ લગાવ્યો હતો.

પાણી સમજીને સેનિટાઈઝર પી ગયા મુંબઈ કોર્પોરેશનના જોઈન્ટ કમિશનર...!!

મુંબઈ,

એશિયાના સૌથી ધનાઢ્ય ગણાતા મુંબઈ કોર્પોરેશનનુ શિક્ષણ બજેટ આજે રજુ થઈ રહ્યુ છે.જોકે એ પહેલા એક વિચિત્ર ઘટના બની હતી.

મુંબઈ કોર્પોરેશનના જોઈન્ટ કમિશનર રમેશ પવાર આ બજેટ રજુ કરવાના હતા.એ પહેલા તેમને તરસ લાગી હતી અને તેમણે સામે મુકાયેલી બોટલને મોઢે માંડી હતી.જોકે તેમણે એક ઘૂંટડો પીધો હતો ત્યારે ખબર પડી હતી કે, બોટલમાં પાણી નથી બલ્કે સેનિટાઈઝર છે.તેમણે તરત સેનિટાઈઝ મોઢામાંથી બહાર કાઢી નાંખ્યુ હતુ અને તેમને તરત જ બીજી પાણીની બોટલ આપવામાં આવી હતી.

આ પહેલા એડિશનલ કમિશનર આશુતોષ સલિલ બજેટ રજૂ કરવાના હતા પણ તેમની તબિયત અચાનક ખરાબ થતા બજેટ રજૂ કરવાની જવાબદારી રમેશ પવાર પાસે આવી હતી.તેઓ કોર્પોરેશનના સભાગૃહમાં પહોંચ્યા બાદ તેમને બજેટ આપવામાં આવ્યુ હતુ.બજેટ વાંચતા પહેલા તેમને તરસ લાગી હતી.ટેબલ પર બે બોટરલો પડી હતી.જેમાં એક પાણીની અને એક સેનિટાઈઝરની હતી.તેઓ સેનિટાઈઝરની બોટલને પાણીની બોટલ સમજીને મોંઢે માંડી હતી.જોકે તેમને તરત ખ્લાય આવી ગયો હતો.

મુંબઈ કોર્પોરેશનના શિક્ષણ બજેટમાં ૨૯૪૫ કરોડ રુપિયાની જોગવાઈ કરવામાં આવી છે.જે ગયા વર્ષ કરતા એક કરોડ રુપિયા વધારે છે.

અન્ય સાત લોકો પર ઈનામની જાહેરાત કરાઈ

દીપ સિદ્ધૂની ધરપકડ કરાવવા પર ૧ લાખનું ઈનામ: દિલ્હી પોલીસની જાહેરાત

ન્યુ દિલ્હી

પ્રજાસત્તાક દિવસના પ્રસંગે લાલ કિલ્લામાં થયેલી હિંસા અને ધાર્મિક ધ્વજ ફરકાવવા મામલે દિલ્હી પોલીસે મોટી જાહેરાત કરી છે. દિલ્હી પોલીસે પંજાબી એક્ટર દીપ સિદ્ધૂ, જુગરાજ સિંહ, ગુરજોત સિંહ અને ગુરજંત સિંહની ધરપકડ માટે સમાચાર આપનારાને એક લાખ રૂપિયાનું ઈનામ આપવાની જાહેરાત કરી છે. દિલ્હી પોલીસે આ લોકોની જાણકારી આપનારાને ૧ લાખ રૂપિયાનું રોકડ ઈનામની જાહેરાત કરી છે. આટલુ જ નહી દીપ સિદ્ધૂ સિવાય કેટલાક લોકોની ધરપકડ માટે ૫૦,૦૦૦ રૂપિયાના ઈનામની જાહેરાત કરવામાં આવી છે.

દિલ્હી પોલીસે લાલ કિલ્લા હિંસા મામલે તેમાં સામેલ જાલબીર સિંહ, બૂટા સિંહ, સુખદેવ સિંહ અને ઈકબાલ સિંહની ધરપકડ માટે ૫૦,૦૦૦ રૂપિયા ઈનામની જાહેરાત કરી છે.

મહત્વપૂર્ણ છે કે ખેડૂત ટ્રેક્ટર રેલી દરમિયાન દિલ્હીના લાલ કિલ્લા પર થયેલી હિંસા બાદ ચર્ચામાં આવેલા પંજાબી એક્ટર દીપ સિદ્ધૂનું નામ પોલીસ ફરિયાદમાં સામેલ કરવામાં આવ્યુ છે.

લાલ કિલ્લા પર નિશાન સાહિબનો ધ્વજ ફરકાવવા અને હિંસા માટે કેટલાક ખેડૂત નેતાઓએ સિદ્ધૂને જવાબદાર ઠેરવ્યો હતો. ખેડૂત નેતાઓનો આરોપ છે કે સિદ્ધૂએ લોકોને હિંસા માટે ભડકાવ્યા હતા.

ખેડૂત સંગઠનોએ દિલ્હીમાં ખેડૂતોના ટ્રેક્ટર માર્ચ દરમિયાન લાલ કિલ્લા પર થયેલી હિંસાનો આરોપ દીપ સિદ્ધૂ પર લગાવ્યો છે. ભારતીય કિસાન યૂનિયનના નેતા ગુરનામ સિંહ ચંઢૂનીએ કહ્યુ કે કિસાન સંગઠનોના લાલ કિલ્લા પર જવાનો કોઈ કાર્યક્રમ નહતો. દીપ સિદ્ધૂએ ખેડૂતોને ભડકાવ્યા અને આઉટર રિંગ રોડથી લાલ કિલ્લા સુધી લઈ ગયો હતો. આ મામલે એફઆઈઆરમાં સિદ્ધૂનું પણ નામ છે.

ખેડૂતોના આંદોલનને વિદેશમાંથી મળ્યું સમર્થન, રિહાના અને ગ્રેટા થનબર્ગે કર્યું ટ્વીટ

વોશિંગ્ટન

ભારતમાં બે મહિનાથી જારી ખેડૂતોના આંદોલનની હવે દુનિયાભરમાં ચર્ચા થઈ રહી છે. પહેલા જ કેટલાક દેશોમાં ખેડૂતોના આંદોલન પર ચર્ચા થઈ ચૂકી છે. હવે અમેરિકી પૉપ સ્ટાર રિહાનાએ આને લઈને પોતાનુ સમર્થન વ્યક્ત કર્યુ.

જે બાદથી જ ઈન્ટરનેશનલ સેલેબ્રિટી સતત ખેડૂત આંદોલનને લઈને પોતાનો મત મૂકતા રહ્યા છે. પર્યાવરણને લઈને કામ કરનારી ભારતીય એક્ટિવિસ્ટ લિસિપ્રિયા કંગુજમે પણ ટ્વીટર પર ખુલીને ખેડૂત આંદોલનનુ સમર્થન કર્યુ.

લિસિપ્રિયા કંગુજમ તરફથી ટ્વીટ કરી દુનિયાને આ આંદોલનનુ સમર્થન કરવાની અપીલ કરી. સાથે જ તેમણે ક્લાઈમેટ ચેન્જ એક્ટિવિસ્ટ ગ્રેટા થનબર્ગથી પણ આ વિશે ચર્ચા કરવાની અપીલ કરી. લિસિપ્રિયા કંગુજમ ત્યારે ચર્ચાઓમાં આવી હતી જ્યારે તેમણે પીએમ મોદી દ્વારા આપેલા સન્માનને ઠુકરાવી દીધો હતો.

રિહાનાના ટ્વીટ બાદ ગ્રેટા થનબર્ગે પણ ભારતમાં જારી ખેડૂતોના આંદોલનને લઈને ટ્વીટ કર્યુ. ગ્રેટાએ પોતાના ટ્વીટમાં લખ્યુ કે અમે ભારતમાં જારી ખેડૂતોના આંદોલનની સાથે એકઠા થઈને ઉભા છે. ગ્રેટા થનબર્ગે અગાઉ ભારતમાં NEET ની પરીક્ષાનો વિરોધ કરી રહેલા વિદ્યાર્થીનુ પણ સમર્થન કર્યુ હતુ.

રિહાનાના ટ્વીટ બાદથી જ ભારતમાં જારી ખેડૂત આંદોલનને લઈને કેટલાક આંતરરાષ્ટ્રીય હસ્તીઓ, સંસ્થાઓએ ટ્વીટ કરી દીધી છે.

રિહાનાના ટ્વીટ બાદ આંતરરાષ્ટ્રીય સંસ્થા હ્યુમન રાઈટ વૉચ, ઈન્ટરનેશનલ ઈન્ટરનેટ રાઈટ્સ સાથે જોડાયેલી સંસ્થા, અમેરિકી મૉડલ અમાન્ડા સેની સહિત કેટલીક મોટી નામી સંસ્થા અને સેલેબ્રિટી ખેડૂતોના આંદોલનનુ સમર્થન કરી ચૂક્યુ છે.

જોકે, દેશની રાજધાની દિલ્હીની આસપાસ ખેડૂતોએ બે મહિનાઓથી ડેરો જમાવ્યો છે. હવે સરકારે અહીં ઈન્ટરનેટ પણ બંધ કરી દીધુ છે. જેનો ખાસ વિરોધ થઈ રહ્યો છે.

અમદાવાદના ૪૨ વર્ષીય ધર્મેન્દ્રભાઈએ અંગદાન કરી ૪ લોકોને આપ્યું નવજીવન

અમદાવાદ

ભારતીય સંસ્કૃતિમાં અન્ન દાન, રક્ત દાન જેવા વિવિધ દાનનો મહિમા સમજાવવામાં આવ્યો છે, પરંતુ ૨૧મી સદીમાં અંગદાનને મહાદાન માનવામાં આવે છે. ભગવાન માણસને બનાવે છે, માણસને જીવન બક્ષે છે. જો કે માનવી જ્યારે જીવન ટૂંકાવી દે છે, ત્યારે તેના અંગો થકી ૬ થી ૮ વ્યક્તિ જીવી શકે છે અને તેમનું જીવન ઘોરણ સુધરી શકે છે. આવી જ એક ઘટના બની અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં. ૨૬મી જાન્યુઆરીના પ્રજાસત્તાક પર્વના દિવસે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં કાર્યરત એસઓટીટીઓની ટીમ એમ્બ્યુલન્સ લઈને પહોંચી અમદાવાદ શહેરના નરોડા વિસ્તારમાં આવેલી એક ખાનગી હોસ્પિટલમાં. નરોડા વિસ્તારમાં રહેતા ૪૨ વર્ષીય ધર્મેશભાઈ પટેલના પરિવારજનો દ્વારા સિવિલ હોસ્પિટલના તબીબોને સંપર્ક કરાતા ખૂબ જ ટૂંકા ગાળામાં ખાનગી હોસ્પિટલમાં પહોંચીને બ્રેઈન ડેડ ધર્મેશભાઈ પટેલને સિવિલ હોસ્પિટલના ટ્રોમાં સેન્ટરમાં કાર્યરત રીટ્રાઈવલ સેન્ટરમાં લાવવામાં આવ્યા. અમદાવાદ શહેરના નરોડા વિસ્તારમાં રહેતા ૪૨ વર્ષીય ધર્મેશભાઈ પટેલને એકાએક બ્રેઈન સ્ટ્રોક આવતા તેઓને ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા.

જ્યાં તેમની પાંચ દિવસની સારવાર બાદ તેઓને બ્રેઈન ડેડ જાહેર કરાયા હતા. ધર્મેશભાઈને બ્રેઈન ડેડ જાહેર કરાતા તેમના પરિવારજનોએ ધર્મેશભાઈના અંગોનું દાન કરીને અન્ય જરૂરિયાતમંદ દર્દીની જીવનશૈલી સુધારવાનો પવિત્ર નિર્ણય કર્યો હતો. અમદાવાદ સિવિલ હોસ્પિટલના રીટ્રાઈવલ સેન્ટરમાં લાવ્યા બાદ અન્ય તબીબી તપાસ કરાતા માલૂમ પડ્યુ કે, ધર્મેશભાઈની બન્ને કિડની, એક લીવર અને બંને આંખોનું દાન કરવું શક્ય છે. જે કારણોસર સમગ્ર પ્રત્યારોપણ પ્રક્રિયા નિષ્ણાંત તબીબોની હાજરીમાં હાથ ધરવામાં આવી. ભારે જહેમત બાદ બ્રેઈનડેડ ધર્મેશભાઈ પટેલના ચારેય અંગોનું દાન લઈને તેનું પ્રત્યારોપણ કરવામાં આવ્યુ. આ પ્રત્યારોપણ થકી ચાર વ્યક્તિઓનું કાર્યદક્ષતા સુધરી છે. મૃત ધર્મેશભાઈ પટેલના પરિવારજનો કહે છે કે, ધર્મેશભાઈની જ્યારે સારવાર ચાલી રહી હતી, ત્યારે તેઓ અત્યંત ગંભીર અવસ્થામાં હતા. એ સમયે જ અમને લાગ્યુ હતુ કે, તેઓ જીવન અને મરણ વચ્ચે સંઘર્ષ કરી રહ્યા અમારા ધર્મેશભાઈનું જીવવું અત્યંત મુશકેલ બની રહ્યુ છે. આ સમગ્ર સારવાર દરમિયાન જ અમારા પરિવારજનોએ તેમના અંગોનું દાન કરીને જરૂરિયાતમંદ દર્દીને તેમના અંગોનો લાભ આપી તેમની કાર્યદક્ષતા સુધારવાનો વિચાર આવ્યો હતો. ધર્મેશભાઈને બ્રેઈન ડેડ જાહેર કરાતા અમારા પરિવારના બધા સભ્યોએ ભેગા મળીને અંગદાન કરવાનો પવિત્ર નિર્ણય કર્યો હતો. ધર્મેશભાઈના પરિવારજનો કહે છે કે, જીવન એક વરદાન છે અને ભારતીય સંસ્કૃતિમાં અન્યોને મદદ કરવી કે જરૂરિયાતમંદોને જીવતદાન આપવુ એ ઈશ્વરના આશિષ મેળવી આપે એવું ઉમદા કાર્ય ગણાયું છે. કોઈની મદદ કરવાની હોય, ત્યારે હિંમતની અચૂક જરૂર પડે છે ત્યારે અમારા સમગ્ર પરિવારે હિંમતપૂર્વક સમાજઉપયોગી બનવા માટે જ અંગદાનનો પવિત્ર નિર્ણય કર્યો છે. અમારો સમાજને એક જ સંદેશ છે કે અન્યોના જીવ બચાવવાના આ યજ્ઞમાં તમામે સહભાગી બનવું જોઈએ.

વડોદરામાં પિયરમાંથી રૂપિયા લાવવાનું કહી મેજરે પત્નીને માર માર્યો, ફરિયાદ

વડોદરા,

મકાનના રિપેરિંગ કામ અને પહેલો માળ બનાવવા માટે ૫૦ લાખ રૂપિયા પિયરમાંથી ન લાવનાર એમબીએ થયેલી પત્નીને ત્રાસ આપી ઘરમાંથી કાઢી મૂકનાર મેજર સામે ફરિયાદ નોંધાઈ છે. એમબીએ થયેલી પરિણીતાએ ફરિયાદમાં આક્ષેપ કર્યો છે કે પિયરમાંથી રૂપિયા ૫૦ લાવવાનો ઈનકાર કરતાં પતિએ મારા વાળ પકડી દીવાલ સાથે માથું અથડાવ્યું હતું. ફરિયાદમાં એવો પણ આક્ષેપ કર્યો છે કે પતિ કહેતા હતા કે તારો બાપ બહુ પૈસાદાર છે, જેથી તેને કહે કે આ સ્વિચ રિપેર કરાવે તેમજ આ મકાનનું રિપેરિંગ કામ કરાવી આપે.

વડોદરાના સયાજીગંજ પોલીસ મથકમાં નોંધાયેલી ફરિયાદ મુજબ વિગત એવી છે કે વડોદરાના અલકાપુરીમાં માતા-પિતા સાથે રહેતી ઋષિતાએ(નામ બદલ્યું છે) એમબીએ સુધીનો અભ્યાસ કર્યો છે.

તેનું લગ્ન વર્ષ-૨૦૧૭માં અલકાપુરી વિસ્તારમાં આવેલી ૪૭-૨, અરુણોદય સોસાયટીમાં રહેતા અને આર્મીમાં મેજર તરીકે નોકરી કરતા મિત બંકિમભાઈ સુતરિયા સાથે થયા હતા. લગ્ન બાદ બે દિવસ સુધી ઋષિતા સાસરીમાં રહી હતી અને એ બાદ મેજર મિત સુતરિયાની નોકરી યુ.પી. મેરઠ ખાતે રહેવા ગઈ હતી અને ત્યાં સાંસારિક જીવનની શરૂઆત કરી હતી. લગ્નના ૧૫ દિવસ સુધી પતિએ સારી રીતે રાખી હતી. એ બાદ તેણે વહેલી ઊઠતી નથી, એવાં નાનાં-નાનાં કારણો આગળ ધરી ઝઘડાઓ કરવાની શરૂઆત કરી હતી.

લગ્ન સમયે પિયરમાંથી સોના-ચાંદીના દાગીના સહિત રૂપિયા ૨૦ લાખની ચીજવસ્તુઓ તેમજ માતા-પિતાએ આપેલા સંસ્કારનું ભાથું લઈને મેજર પતિ મિત સુતરિયા સાથે સુખમય લગ્નજીવન જીવવા માટે આવેલી ઋષિતાના લગ્નના ૧૫ દિવસમાં જ સુખી દાંપત્ય જીવનના સેવેલાં સપનાં ચકનાચૂર થઈ ગયાં હતાં. લગ્નના ૧૫ દિવસ પછી પતિએ મેરઠમાં આપેલા ત્રાસ અંગે માતા-પિતાને જણાવતાં તેમણે કહ્યું હતું કે સમય આવે બધું સમુંસૂતરું થઈ જશે. એમ જણાવી સમજાવતાં પતિનો ત્રાસ સહન કરી રહી હતી.

નારણપુરા વિસ્તારની દુકાનમાં લાગી ભીષણ આગ, ૮ લોકોને બચાવવામાં આવ્યા

અમદાવાદ

અમદાવાદ શહેરમાંથી ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે, જેમાં અમદાવાદ શહેરના નારણપુરા વિસ્તારમાં આવેલી દુકાનમાં વહેલી સવારે આગ લાગતા દોડધામ મચી હતી. વિસ્તારની દુકાનમાં સવારે છ વાગ્યાના અરસામાં આગ લાગી હતી. આગની જાણ થતા ફાયર બ્રિગેડની પાંચ ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી હતી.

ફાયરની ઘટનામાં હજુ સુધી કોઈ જાનહાનીના સમાચાર સામે આવ્યા નથી. બીજી તરફ ૪ મહિલાઅને ૪ પુરુષોનો ફાયર બ્રિગેડના જવાનોએ રેસ્કયુ કરવામાં આવ્યા હતા. ચોંકાવનારી વિગત એવી સામે આવી છે કે નીચે દુકાન છે અને ઉપર રહેણાંક મકાન છે સાથે સાથે જવા આવવાનો રસ્તો પણ એક જ હોવાથી મહા મહેનતે લોકોનું રેસ્કયુ કરવામાં આવ્યા હતા. બીજી તરફ ફાયરબ્રિગેડના કુલ ૧૮ વાહનો આ ઓપરેશનમાં હાજર રહ્યા હતા. અંદાજીત ૭૦ હજાર લિટરનો પાણીનો મારો કરવામાં આવ્યો હતો, અને આગને કાબુમાં લેવામાં આવી હતી.

અમદાવાદના નારણપુરામાં આવેલી દુકાનમાં સવારે આગ લાગતા સમયસરની કામગીરીને પગલે મોટી દુર્ઘટના ટળી છે. ફાયર બ્રિગેડે સમયસર પહોંચીને આગ લાગી ત્યાંથી આઠ જણાને હેમખેમ બચાવ્યા મચી. લાઈફ કેર હોસ્પિટલ નજીક આ દુકાનમાં સવારે છ વાગ્યાના અરસામાં આગ લાગી..આગની જાણ થતા ફાયર બ્રિગેડની પાંચ ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી આગ પર નિયંત્રણની કામગીરી હાથ ધરી હતી.

આ દુકાનની ઉપર જ ઘર હતુ. ઘર અને દુકાનનો પ્રવેશ એક જ હતો.. આવામા દુકાનમાં આગ લાગતા ઉપર ઘરમા રહેલા આઠ જણા ફસાયા હતા. ફાયર વિભાગે ચાર મહિલા અને ચાર પુરૂષ સહિત આઠ જણાને હેમખેમ બચાવી લીધા હતા. રેસ્કયૂ માટે ઉપરના ઘરની ગ્રીલ તોડીને મહિલાનુ રેસ્ક્યૂ કરાયુ હતુ. પાર્લરમાં લાગેલી આગે આસપાસની બે દુકાનને પણ ઝપેટમાં લીધી હતી.

અમદાવાદ સહિત અનેક શહેરોમાં ધુમ્મસ-વાદળછાયું વાતાવરણ

અમદાવાદ

રાજ્યમાં થોડા દિવસો પહેલાં ઠંડીના ચમકારાનો અનુભવ કરનાર લોકોને હવે ઠંડી ઓછી થઈ હોવાનો અહેસાસ થઈ રહ્યો છે. રાજ્યમાં હવે ઠંડીમાં ઘટાડો થયો છે. ૮ દિવસ બાદ રાજ્યમાં ઠંડીમાં ઘટાડો નોંધવામાં આવ્યો છે. પણ અનેક શહેરોમાં ધુમ્મસભર્યું વાતાવરણ જોવા મળ્યું હતું. અમદાવાદમાં ધુમ્મસ અને વાદળછાયું વાતવરણ સર્જાયું હતું. આગામી ૨ દિવસ બાદ ઠંડી વધવાની આગાહી કરવામાં આવી છે. ફરી એકવાર રાજ્યમાં કાતિલ ઠંડીનું જોર વધવાની આગાહી કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં ફેબ્રુઆરી મહિનામાં ફરી એકવાર કોલ્ડવેવની આગાહી હવામાન વિભાગ દ્વારા કરી છે. કચ્છમાં લઘુત્તમ તાપમાન રથી ૪ ડિગ્રી ઘટશે જેના કારણે કાતિલ ઠંડીનું મોજું રાજ્યભરમાં ફરી વળશે.

હવામાન વિભાગની આગાહી પ્રમાણે રાજ્યમાં ફરીથી ઠંડીનું જોર વધશે. ૪ ફેબ્રુઆરીથી ઉત્તર તરફના પવન ફૂંકાશે, જેથી રાજ્યમાં લઘુત્તમ તાપમાન નીચે જશે. કચ્છ (ઇઠર)માં ૪ અને ૫ ફેબ્રુઆરીના રોજ કોલ્ડવેવની આગાહી પણ કરવામાં આવી છે, એટલું જ નહીં ૪ અને ૫ ફેબ્રુઆરીએ રાજ્યમાં લઘુતમ તાપમાન રથી ૪ ડિગ્રી ઘટશે. ફરી એકવાર રાજ્યમાં કડકડતી ઠંડી પડવાની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. અમદાવાદ શહેરમાં વહેલી સવારથી ધુમ્મસનું સામ્રાજ્ય છવાયુ હતું. ધૂમ્મસના ધુંધળા વાતાવરણ સાથે પ્રદુષણનું પ્રમાણ વધ્યું છે. દિલ્હી જેવી સ્થિતિ અમદાવાદ શહેરની થઈ હતી.

વહેલી સવારથી સ્માર્ટ સીટી અમદાવાદ પ્રદુષણની ઝપેટમાં આવી ગયું છે. શહેરમાં પ્રદુષણની માત્રા ૩૦૦એ પહોંચી છે. અનિયમિત પવનની દિશાના કારણે મંગળવારે દિવસ અને રાતના તાપમાનમાં ૧-૧ ડિગ્રીનો વધારો નોંધાયો હતો. મુખ્ય ૫ શહેરોમાં ઠંડીનો પારો ૧૧.૫ ડિગ્રીની પાર જતાં સમી સાંજથી વહેલી સવાર સુધી ફૂલગુલાબી ઠંડી અનુભવાઈ હતી. જ્યારે દિવસનો પારો ૩૨ ડિગ્રીએ પહોંચતાં સામાન્ય ગરમી અનુભવાઈ હતી. ઉત્તર ગુજરાતમાં ૭૦ દિવસ બાદ તાપમાન ૩૨ ડિગ્રીએ પહોંચ્યું હતું.

Printer/Publisher/Owner & Editor :NIKITA R. SAXENA •Printed At :-PAVANPUTRA OFFSET G.I.D.C.,SECTOR-28, GANDHINAGAR, GUJARAT- 382028
•Published At - 45, KONARK SOCIETY, NEAR SUNDARAM COMPLEX, JAWAHAR CHOWK, SABARMATI, AHMEDABAD-380019.